साहित्य मंथन
भारते भातु भारती

# Sahitya Manthan

A Peer-Reviewed, Open Access e-journal
ISSN:  2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-1, Issue-4, Continuous Issue-4, November-December2020

## ધોલેરા સત્યાગ્રહના સત્યાગ્રહી સાહિત્યકારો

**પ્રા.બળદેવ મોરી,**
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ,
ગૂજરાત વિદ્યાપીઠ,રાંધેજા
દૂરભાષ-૯૪૨૬૭૬૬૦૧૩
વિજાણું ટપાલ –baldevmori@gmail.com

ભારતીય  સ્વતંત્રતા સંગ્રામનો ઈતિહાસ ભારતીય અને વિશ્વ ઈતિહાસમાં અનેક ધરોહરો ને  પોતાની હયાતી ,અસ્તિત્વ અને કાર્યથી  અમર કરતો પ્રસિધ્ધ છે.અનેક ક્રાંતકારીઓ,આઝાદીનાં લડવૈયાઓ, વિચારકો,લેખકો, કવિઓ અને નાનામાં નાના માણસોનાં પ્રદાનથી આ ઐતિહાસિક સંગ્રામ મહત્વનો બન્યો છે.એક આખો પ્રલંબ સમયખંડ લડતથી ભર્યો છે જેમાં અનેક રત્નો પોતાની રીતે ઝળહંળા થઈને વિશ્વસંસ્કૃતિને પ્રદીપ્ત કરતા રહ્યા છે.બે પ્રકારની લડતથી આ સંગ્રામ પરિપૂર્ણતાને પામ્યો છે એક સશસ્ત્ર લડત અને બીજી અંહિસક લડત બન્ને ધારાઓની શહાદતથી ભારતને સ્વતંત્રતા મળી છે. એક ધારાનાં પ્રતિનિધીઓમાં ખુદીરામ બોઝ,મંગલ પાંડે, ચંદ્રશેખર આઝાદ,ભગતસિંહ અને સુભાષચંદ્ર બોઝ આદિ આગેવાનો લડ્યા તો બીજી ધારામાં મહાત્મા ગાંધી,વલ્લભભાઈ પટેલ,જવાહરલાલ નહેરુ,સરોજિની નાયડુ,ખાન અબ્દુલગફારખાન આદિએ પોતાનાં આત્મીય સમર્ણપર્ણથી આ લડતને દીપાવી છે. બન્ને ધારાએ સ્વતંત્રતાની આ લડતમાં પોતપોતાનાં માર્ગ અખત્યાર કરીને  પોતાની પ્રણાલીથી અને આપહિંમતથી જીતને મેળવી છે.એકધારાએ અન્યાય કરનારને તેનીજ રીતથી જવાબ અપાય  માટે બોંબ,રેલ્વેનાં પાટા અને ફાટકની તોડફોડ,ગુપ્ત હુમલા,સભાહુમલા અત્યાચારી અંગ્રેજ અધિકારીઓની હત્યા જેવા માર્ગે જેવા સાથે તેવાની નીતિ અપનાવીને લડ્યા તો બીજીધારાએ અસહકાર,સવિનય કાનુનભંગ,પિકેટીંગ,ઉપવાસ,પદયાત્રા અને સત્યાગ્રહ જેવી અંહિસક લડતો પનાવ અજમાવીને આ લડતને જીત્યા આમ બન્ને રીતે પોતાની વૈયકતિક સમર્પણથી ભારતીય સ્વતંત્રતાનાં ઈતિહાસને દીપાવ્યો અને સજાવ્યો છે.

આજનાં આ મારા સંશોધનપત્રનો વિષય છે   "ધોલેરા સત્યાગ્રહનાં સત્યાગ્રહી સાહિત્યકારો  "જે મેં કોઈ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં નહિ પણ સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં તપાસવાનાં ઉપક્રમથી જોયો છે.ગુજરાતી સાહિત્યમાં આજ સુધી સંશોધનાર્થે કે વિવેચનાર્થે કૃતિ,કર્તા અને સ્વરુપલક્ષીપ્રદાનની નોંધ વધુ લેવાઈ છે જ્યારે કોઈ બનાવ,ઘટના,પરિસ્થિતિ, પ્રસંગ કે તેવી કોઈ વિશેષ બાબતોને ધ્યાને લઈને કામ કરવાનાં પ્રયાસો ઓછા થયા છે. કંયાક આપણા ઈતિહાસમાં આવી સ્વતંત્રતા જેવી લડતોને કારણે તેની વિશેષ અસરને કારણે સર્જાયેલા કળાકીય ઉપક્રમને કે કૃતિને તપાસતા તેમાંથી ઘણું બધુ હોવાનું કે સત્વ મળવાની સક્યતા રહેલી છે. તો આવા સમયનાં પ્રવાહમાં લુપ્ત તયેલા કેટલાય સાહિત્યકારોનાં સાહિત્યિક મૂલ્યો કે કલાગત મૂલ્યો કે નવી ટેકનિકો મનાં પ્રદાનમાં છે ને તેની નોંધ નથી લેવાઈ તે પણ છે તો બીજી આ સંશોધનની જરુરયાત આજનાં આંતરમાળખાકીય અભ્યાસની વધતી જતી માંગ અને પ્રબળ જરુરયાતને ધ્યાનમાં રાખીને પણ છે અને સાથે મુખ્યદારાનાં સાહિત્યકારોની તુલને આવી લડતોમાં જોડાઈને બીજી બાજુએ કલાગત પ્રદાન કરતા રહીને ગુજરાતી સાહિત્યનાં ઈતિહાસમાં હાંસિયામાં હાંસિયામાં ધકેલાય ગયેલા સાહિત્યરત્નોની હયાતીને ભાવિ સમાજ કંયાક ચૂકી ન  જાય તેમનાં મૂલ્ય સાહિત્યિક વારસાને હોવા છંતા જોવાયનાં

વંચાયનાં કે પમાયનાં  પીડા માંથી પણ આ સંશોધન થયું છે. તો સ્વતંત્રતાની લડતમાં સાધનરુપ સત્યાગ્રહની લડત માંથી સ્વતંત્રતાની ઘટનાથી તત્કાલીન સમાજ ઉપર કેવી અસરો થઈ છે અને તે અસરો સાહિત્યિક દાઉયરામાં કેવી રીતે ઝીલાઈ છે તે બાબત પણ કેન્દ્રમાં છે. તો સાથે એ સમયનાં રચાતા સાહિત્યનાં પ્રવાહથી વિપરીત ચાલીને સ્વતંત્રતા ,શૌર્ય,બલિદાન,સમર્પણ,સમાજસેવા,ત્યાગ અને સાદગી જેવા મૂલ્ય પ્રેરિત સાહિત્યની રચના અને તેનાં સાધનરુપ મહત્વનાં ઘટકો  ભાષા, બોલી, કહેવત નવલકથા, અનુવાદ, નાટક, નવલિકા, નિબંધ, ચરિત્રસાહિત્ય, લોકસાહિત્યકે પત્રકારત્વ જેવા પાસાની ચર્ચા પણ થઈ શકે આમ વિવિધ દ્રષ્ટિકોણથી સાહિત્યને તપાસવાનો સંસોધનપત્રમાં હેતુ છે.

**ધોલેરા સત્યાગ્રહનો સંક્ષિપ્ત ઈતિહાસ**

આપણને બધાને વિદિત છે કે ભારતીય આઝાદીનાં સંગ્રામમાં મહાત્મા ગાંધીએ કરેલી દાંડીકૂચ એક મહત્વની ઘટના છે. આ કોઈ સામાન્ય બનાવ નથી પણ હજારો વર્ષ પછી પણ આઝાદીનાં જંગમાં તેનાં સંશોધનમાં કે તવારીખમાં સીમાચિહ્નરુપ છે કારણ કે એ સમયે આઝાદીનું વાતાવરણ તો સમાજમાં હતું લોકોને અન્યાયી શાસનકર્તા અંગ્રેજ હુકૂમત સામે

બંડ પોકારવાની ભાવના પમ તીવ્ર હતી પમ જરુર હતી કોઈ મહામાનવનાં નેતૃત્વની અને એ નેતૃત્વને જુસ્સા,પ્રેરણા અને ઉત્સાહનાં બળની અને એ કામ કર્યુ છે દાંડીની આ કૂચે ફક્ત ઈઠ્યોતેર જેટલા ચુનંદા સાથીદારોની સાથે નીકળેલી કૂચે ગુજરાતનાઉ જ નહિ ભારતનાં ગામો ગામ નાનાથી મોટા બાળકથી લઈને વૃદ્ધ સુધી,સ્ત્રીથી લઈને પુરુષ સુધી,ગરીબથી લઈને તવંગર સુધી એમ અનેક લોકોમાં આઝાદીનાં બ્યુગલની ગૂંજ વહેતી કરી એટલું જનહિ વિશ્વપલક ઉપર ભારતીય સ્વતંત્રતાની લડાઈને પ્રસ્થાપિત કરવાનું કામ દાંડીકૂચે કર્યું એ રીતે પણ આ ઘટના ઈતિહાસમાં મહત્વની બની એ સમયનાં ભાગીદાર ક્રાંતિકારી અને ધોલેરા સત્યાગ્રહનાં લડવૈયા શ્રી કાંતિભાઈ મણિલાલ શાહ તેમનાં  "ધોલેરા સત્યાગ્રહ" પુસ્તકમાં આ લડતનાં મંડાણ વિસે જણાવે છે જે તેનાં પ્રારંભિક ઉદગમ બિંદુ તરીકે પમ ગણાવી શકાય **" ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખે ગાંધીજીએ ઈતિહાસ-પ્રસિધ્ધ દાંડીકૂચની લડતની પૂર્વ તૈયારીનાં મંગળાચરણ કર્યા.તેનાં એકાદ બે અઠવાડિયાથી અમદાવાદ શહેર પૂર્ણસ્વરાજ સંગ્રામ ને તેની સાથે સંકળાયેલી નેકવિદ પ્રવૃત્તિથી ધમધમી રહ્યું હતું,સામાન્ય રીતે એ દિવસોમાં ઉજ્જડ રહેતો આશ્રમ માર્ગ સ્ત્રી-પુરુષો,બાળકો અને જુવાનો અને વૃધ્ધો  – હજારો મનુષ્યોનીઅવરજવરથી ગાજતો થયો  "-ધોલેરા સત્યાગ્રહ,પૃ-૦૧**આમ આ ઘટના એ એક ઘટના બનબને તે વકતે અટકી નથી પણ એની ચિનગારીએ ખા દેશમાં અનેક નાની મોટી સત્યાગઉહો કે લડતોની ચતળવળોને ચિનગારી આપવાનું કામ કર્યુ હતુ ગાંધીજીએ એ ચળવળનાં પ્રારંભિક સમયે જે વિદાનો કર્યા છે તે પણ ભાવિ લડતો ,સત્યાગ્રહો અને ચલવળોનાં બીજાકૂંરરુપ બન્યા તે  તેપણ જોવા જેવું છે. આ લડત પૂર્વેની આશ્રમની પ્રર્થાનાં અને દાંડીકૂચ જેમ નજીક આવતી ગઈ તેમ થતી પ્રાર્થનોમાં માનવ મહેરામણ વધતો ગયો છે. તે વિશે ઉપરોકત પુસ્તક માંજ લેખક જમાવે છે કે  **"ગાંધીજી સત્યાગ્રહ આશ્રમમાં સાબરમતીને તીરે વહેલી સવારે અને સાંજે પ્રાર્થનાં કરતા ત્યારે આશ્રમવાસીઓ ઉપરાંત પાંચ પંદર મુલાકાતીઓથી વધારે લોકો ભાગ્યે જ તેમાં હાજરી આપતા,પણ હવેની વાત જુદી હતી.હવે વહેલી સવારે અને સાંજે સેંકડો અને હજારો માણસો પ્રાર્થનાંમાં હાજરી આપવા લાગ્યા. એટલા બદા માણસોને પ્રાર્થનાસભામાં સમાવવાનું મુશ્કેલ થઈ પડ્યુ આશ્રમનું પ્રાર્થનાસ્થળ એ માટે સાંકડુ પડવા લાગ્યું પ્રાર્થના સભાઓ સાબરમતી રેતીનાં ખૂલ્લા પહોળા પટમાં રાખવાનું  શરુ કરવામાં આવ્યુ ત્યાં આગળ ગાંધીજી પ્રર્થનાં પછી પ્રવચન આપતા હતા અને આ પ્રવચનો  જ પ્રાર્થના સભાનું મુખ્ય આકર્ષણ થઈ પડ્યું એમનાં દર્શન કરવા તથા એમનાં પ્રવચનો સાંભળવા અમદાવાદ શહેર,સૌરાષ્ટ્ર,ગુજરાત ને દેશના બીજા દૂરદૂરના**

**સ્થળોથી લોકો આવવા માંડ્યા,એટલું નહિ પણ યુરોપ-અમેરિકા જેવા પરદેશનાં પ્રેસ પ્રતિનિધિઓ,ફોટોગ્રાફરો,પત્રકારો અને ભારતની આઝાદીમાં રસ ધરાવનારા સંખ્યાબંધ લોકોની પણ અવરજવર વધી પડી-ધોલેરા સત્યાગ્રહ,પૃ-૦૧**

આમ સમગ્ર રાષ્ટ્ર કૂચથી પ્રભાવિત થયું અને અનેક લોકોને તેમાંથી યથાયોગ્ય આ સંગ્રામમાં ભાગીદારી અથવા આગેવાની લેવાનું પણ નિમિત્ત બની આજ પરિપ્રેક્ષ્યમાં ધોલેરા સત્યાગ્રહનાં પણ બીજ રોપાયા અને તે ઘટનાની મિની આવૃત્તિરુપ આ લડતનાં પણ શ્રી ગણેશ થયા અને એજ સમયે ગાંધીજીની અનઉપસ્થિતિમાં સૌરાટ્રનાં સિંહ ગણાતા નીડર પત્રકાર ઝાદીનાં લડવૈયા ને અનેક પ્રકારની સમમાજસેવાનાં સાક્ષી અને નિમિત્તરુપ અમૃતલાલ શેઠ કે જે ગુજરાતી પત્રકારત્વનાં ક્ષેત્રે પણ શિરમોર છે અને અઝાદીનાં આ સંગ્રામમાં સૌરાષ્ટ્ર પ્રાંતમમાં લડતની આગેવાની લઈને તેમણે આ સત્યાગ્રહ માટે વાતાવરણ બનાવ્યુ એટલું જ નહિ તે એનાં માટેની ગાંધીજી જોડેથી પરવાનગી અને અનુમતિ લઈને પણ આવ્યા **" ગૂજરાતમાં અમદાવાદ,ખેડા,સૂરત,બારડોલી,ભરુચ વગેરે જિલ્લોમાં તો પોતપોતાની તૈયારીઓ થઈ ચૂકી હતી સૌરાટ્રનાં ૨૦૨ જેટલા દેશી રાજ્યો જ્યાં રાજાઓ ને એજન્સીના લાટસાહેબોએ આપખૂદી અને અંધેર વહીવટથી જુલ્મ અને અત્યાચારો પરંપરાથી નાગરિક સ્વાતંત્ર્યની રુંધન માટે, અને આઝાદીની નવી હવાને રોકવા માટે ઊંચાઊંચા કોટ-કિલ્લા ઊભા કરી દીધા હતા તે બધાને ભેદીને ધસી આવતા ગાંડાપૂર જેમ ભયંકર,તોફાનની જેમ ધુઘવાટા કરતા ઉછળતા લોઢની જેમ દૂર દૂરથી આવતો રણસંગ્રામનો ગણગણાટ સૌરાષ્ટ્ર પત્રે વરસાવેલ દેશભકિતના જળથી સિંચિત બનેલા યુવાન દિલોમાં પડઘા પાડવા લાગ્યા.સૌરાષ્ટ્રના સીમાડા પર સ્વતંત્રતાના પહેરગીરનું કામ કરતા અને આઝાદીના પડઘમ વગાડતા સૌરાષ્ટ્ર પત્રના અધિપતિ અને કાઠિયાવાડના આગેવાનોમાંના એક શ્રી અમૃતલાલ શેઠ,ગાંધીજી પાસેથી ધોલેરામાં સત્યાગ્રહની લડત ઉપાડવાની આજ્ઞા લઈને અને ગુજરાત પ્રાંતિક સમિતિની મંજૂરી મેળવીને રાણપુર પાછા આવી ગયા હતા ને ધોલેરા તથા તેની આસપાસના દરિયાની ખાડી પર આવેલા કેટલાંક અગત્યના સ્થળો-રાહાતળાવ અને કાનાતળાવ,ભાણગઢ અને સિંગલપુર-હેબતપુર અને બાવળિયાળી વગેરેની મુલાકાત લઈને મીઠા સત્યાગ્રહને માટે અનુકૂળ કઈ જગા છે તેની તપાસ કરી લડતની તૈયારી કરી રહ્યા હતા ""-ધોલેરા સત્યાગ્રહ,પૃ-૦૧**.આમ ધોલેરા સત્યાગ્રહનાં મંડાણ ગાંધીજીની પ્રેરણાથી થયા જે ૧૯૩૦-૩૧ અને ૧૯૩૨-૩૪ એમ બે તબક્કામાં આ લડત યોજાઈ આ લડતનો કોઈ દસ્તાવેજી ઈતિહાસ આપવાનો ઉપક્રમ નથી અંહિયા મારે જે બતાવવું છે તે આ સત્યાગ્રહની લડત માંથી જે સાહિત્યકારોએ અસર ઝીલી અને સાહિત્યિક કૃતોમાં તે રુપાંતરિત થઈ તે બતાવવાનો હેતુ છે.

**સત્યાગ્રહી સાહિત્યકારો...**

ધોલેરા સત્યાગ્રહની આ લડત આઝાદીના જંગમાં એક મહત્વની ઘટનારુપે ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ પણ તે સિવાય આજે પણ તે ઘટના, એ સત્યાગ્રહ અનેક નવા પરિમાણોને ખોલી આપવાની ક્ષમતા ધરાવે છેભાવિ સંશોધકોને જ્ઞાનની નવી દિશા અને સંકેતોને નિર્દેશિતકરે તેવું છે. જેનાં સંકેતાર્થમાં આ વિધાન તપાસવા જેવું છે. **" આ લડતો માંથી સૌરાષ્ટ્રના નવજવાનોમાંથી કેટલાક ખૂબ પ્રકાશમાં આવ્યા તેમાં શ્રી મોહનલાલ મહેતા (સોપાન) રતિલાલ કોઠારી,જયમલ્લ પરમાર અને આ પુસ્તકના લેખક પોતે પત્રકારિત્વમાં સારો ભાગ ભજવ્યો. શ્રી વજુભાઈ શાહ,શ્રી રતુભાઈ કોઠારી,શ્રી મનુભાઈ પંચોલી (દર્શક) વગેરે રાજકારણ અને રચનાત્મક ક્ષેત્રે ખૂબ ઝળકયા ને ત્રણ ત્રણ દાયકાઓ સુધી નેતાગીરી પુરી પાડી."- ધોલેરા સત્યાગ્રહ,પૃ-૦૧**

આ વિધાને મારા સંશોધનને પ્રેરણા પૂરી પાડી છે. કારણ કે તે વિચારે કે લડત સાથે સંકળાયેલા કાર્યકર્તાઓમાંથી રાજકારણીઓ,રચનાત્મક કાર્યકર્તાઓ,સમાજસેવકો,વિવિધ વ્યવસાયિકો અને સાહિત્યકારો પણ આપ્યા જેમને અનુવાદ,લોકસાહિત્ય,નવલકથા,નવલિકા અને ચિંતનાત્મક અને ચરિત્રત્મક સાહિત્યનાં ક્ષેત્ર પમ પ્રદાન કર્યુ જેનો

નામોલ્લેખ કરીને વાત ટુંકાવીશ, કારણકે તેમના કૃતિત્વ વિશે ચર્ચા કરવી અંહિયા શક્ય નથી માટે તે લડત આ સત્યાગ્રહમાં ભાગ લીને પણ તેમમે જે સાહિત્ય રચ્યું તેની યાદી આપવાનો પ્રયત્ન કરીશ મને મારા અભ્યાસ દરમ્યાન નીચે મુજબનાં સાહિત્યકારો અને તેમનાં સર્જન વિશે જાણવા મળ્યું છે બની શકે કે આ યાદી હજુ લંબાઈ પણ શકે

મારા સંશોધનને અંતે મને ૨૨ જેટલા સાહિત્યકારોની જાણકારી મળી છે જે નીચે મુજબ છે.

**અમૃતલાલ શેઠ,તારાચંદભાઈ રવાણી,મોહનલાલ સોપાન,લાભુબહેન મહેતા,જયમલ્લ પરમાર,કાન્તિભાઈ શાહ,રતુભાઈ અદાણી,નિરંજન વર્મા,ઈસ્માઈલભાઈ નાગોરી,વજુભાઈ શાહ,બાલકૃષ્ણ વૈધ,ઝવેરચંદ મેઘાણી,ઈશ્વરભાઈ દવે,કકલભાઈ કોઠારી,જયાબહેન શાહ**વગેરે

ટૂંકમા ઉપરોકત યાદીએ સંપૂર્મ નથી હજુ પમ ચે યાદીમાં વધારો થઈ શકે તેમ છે મેં જે યાદી તૈયાર કરી છે તે મારા સંશોધનનાં પરિપાકરુપ છે આ સંશોધનપત્ર ભવિષ્યમાં સંશોધન કરનાર સંશોધકને કામ આવશે તો મારુ કાર્ય કૃતાર્થ થશે

**સંદર્ભ સૂચિ....**


**ધોલેરા સત્યાગ્રહ,લે,કાન્તિલાલ શાહ**

**સ્વાતંત્રય સંગ્રામના મારા સંસ્મરણો,લે,રતુભાઈ અદાણી**

**ગુજરાતી સાહિત્યકોસ,ખં-૨,અર્વાચીનકાળ,મુખ્ય સંપાદક,ચંદ્રકાન્ત ટોપીવાળા**